# શામળાજી આરટીઓ ચેકપોસ્ટ પર ચક્કાજામ

## ૪૫ કરોડના ખર્ચે તૈયાર થયેલ સુવિધાનું ચાર દિવસ પહેલાં જ મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ : પાંચ કિલોમીટર લાંબી લાઈનો

મોડાસા, તા.૩

અરવલ્લી જિલ્લામાં તાજેતરમાં જ લોકાર્પણ કરાયેલ દેશની પ્રથમ ડીઝીજટલ આરટીઓ ચેકપોષ્ટ પર આજે આ સિસ્ટમ ધીમી ચાલતા બન્ને દિશાએ ૫ કિલોમીટર લાંબી લાઈનો લાગતા ટ્રાફિક જામ સર્જાતાંવાહન ચાલકો પરેશાન થઈ ગયા હતા.

ગુજરાત રાજ્યની સૌથી વધુ આવક ધરાવતી અને ૪૫ કરોડ ના ખર્ચે તૈયાર કરાયેલ દેશ ની પ્રથમ ડિજિટલ શામળાજી આરટીઓ ચેકપોસ્ટ ઉપર આજે સવારે ૧૦ વાગ્યાથી ટ્રકો સહિતનીના લોડેડ વાહનોની લાંબી લાંબી કતારો લાગી છે. આ ડિજિટલ ચેકપોષ્ટ નું ગઈ ૩૦મી ડિસેમ્બરે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું

આ ડિજિટલ ચેકપોષ્ટ થતા વાહનોના ટેક્સ માટેની પ્રક્રિયા ભ્રષ્ટચાર રહિત અને ઝડપી બને તે આશયસર ૪૫ કરોડ ના ખર્ચે આ અદ્યતન છેક પોસ્ટ બનાવવામાં આવી છે ત્યારે આ ડિજિટલ ચેકપોષ્ટમાં સિસ્ટમ ને કારણે અથવા તો બીજા કોઈ કારણોસર કામગીરી બિલકુલ ધીમી ચાલે છે જેના કારણે વાહનચાલકો ને કલાકો સુધી લાંબી લાંબી લાઈનો માં ઉભા રહેવું પડેછે અને ટ્રાફિક જામ થવાથી અન્ય વાહનચાલકો ને પણ મુશ્કેલીઓ વેઠવાનો વારો આવ્યો છે ત્યારે આ અંગે સ્થળ પરના આરટીઓ અધિકારીઓને પૂછતા આ અંગે કંઈપણ કહેવાનો ઈન્કાર કર્યો હતો.

## મોડાસા રેન્જના આરએફઓ હેડક્વાટર પર ન રહેતા વૃક્ષો જોખમમાં

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લાના મોડાસામાં આવેલી વિસ્તરણ રેન્જના આરએફઓ હેડ કવાર્ટર પર કરીને આવ્યા છે ત્યારથી પોતાની ગાડીમાં ગાંધીનગરથી અપડાઉન કરે છે. વાસ્તવમાં વન વિભાગના નિયમો મુજબ આર.એફ.ઓ.એ. તેમના દ્વારા બનાવવામાં આવેલી વન કુટીરો પણ પણ અરવલ્લી જિલ્લા ડી.એફ.ઓ.એ નજર નાખવા જેવી છે. અરવલ્લી જિલ્લા ડી.એફ.ઓ.



રહેવાના બદલે ગાંધીનગરથી અપડાઉન કરતા હોવાની બૂમ ઉઠી છે. જેના લીધે રોડ સાઈડમાં આવેલા વૃક્ષો જોખમમાં છે તેથી ડી.એફ.ઓ. ત્વરીત કાર્યવાહી કરી રાત્રી ચેકીંગ હાથ ધરે તેવી વૃક્ષપ્રેમીઓની માંગ છે.

અરવલ્લી જિલ્લાના મોડાસામાં આવેલી પરિક્ષેત્ર વન અધિકારી (વિસ્તરણ) રેન્જના આર.એફ.ઓ. જયારથી બદલી હેડક્વાર્ટર પર રહેવુ ફરજીયાત છે. છતાં આ અધિકારી નિયમો નેવે મુકીને ગાંધીનગરથી અપડાઉન કરતા હોવાની ચોંકાવનારી વિગતો આજ કચેરીના એક કર્મચારીએ આપતા ભારે ચિંતાનો વિષય બન્યો છે. આ કર્મચારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું કે આર.એફ.ઓ. મોડાસામાં રહેતા જ નથી. રોજ તેમની ગાડી ગાંધીનગરથી આવતી સ્પષ્ટ જોઈ શકાય છે. આ ઉપરાંત મોડાસા આર.એફ.ઓ.ને જાણ કર્યા વિના જ રાત્રીના સમયે છાપો મારે તો આર.એફ.ઓ. તથા સ્ટાફને ઉંઘતા ઝડપી શકાય તેમ છે. પોતાની ફરજમાં ઉણા તરતા આર.એફ.ઓ.ના કારણે રોડ સાઈડના વૃક્ષો જોખમમાં મુકાયા છે. તેનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ મોડાસા-મેઘરજ હાઈવે છે. ત્યારે આ બાબતે ડી.એફ.ઓ. તપાસ કરે તેવી વૃક્ષપ્રેમીઓની માંગ છે.

## પ્રાંતિજમાં તસ્કરોનો તરખાટ : એક જ રાતમાં ચાર દુકાનના તાળા તુટ્યા

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ એપ્રોચરોડ રોડ ઉપર આવેલ ચાર દુકાનના તાળાં તુટયા. દુકાનમાંથી રોકડ રકમ હાથમાં નહી આવતા ખાલી હાથે પરત ફર્યા હતા.

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ચાર દુકાનોના એકજ રાત્રિમાં તાળા તુટતા વેપારીઓ સહિત આ વિસ્તારના રહિશોમાં ભયનો માહોલ છવાયો હતો જયારે એપ્રોચરોડ ઉપર આવેલ ચારેય દુકાનો માંથી રોકડ રકમ હાથ ન લાગતાં રોકડીયા તસ્કરો ખાલી હાથે પરત ફર્યા હતાં અને પ્રાંતિજમાં ઉડતી મુલાકાત લીધી હોય તેવું જણાવી રહ્યું છે જયારે વેપારીઓ દ્વારા પણ દુકાનમાં રહેલ માલસામાન સહિસલામત હોવાથી પોલિસ ચોપડે ફરીયાદ કરવામાં આવી નથી જયારે તસ્કરો દ્વારા મોટો હાથ ફેરો ના થતાં પોલિસે પણ રાહતનો શ્વાસ લીધો હતો પણ વેપારીઓ તથા બાજુમાં આવેલ સોસાયટીના રહિશો દ્વારા પોલિસ દ્વારા રાત્રીનો પેટ્રોલિંગ ચુસ્ત કરે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

## ઉનાવાના સરપંચ તરીકે આનંદીબેન બારોટ વિજયી

ઊંઝા, તા. ૩

ઊંઝા તાલુકામાં કુલ સાત ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં લક્ષ્મીપુરા અને ગંગાપુરા ગ્રામ પંચાયતો સમરસ બનતા બાકી પાંચ ગ્રામ પંચાયતોના સરપંચ અને વોર્ડના સભ્યોની ચૂંટણી યોજાઈ હતી. જેમાં તાલુકાના સૌથી મોટા ગામ ઉનાવા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે મહિલા ઉમેદવાર આનંદીબેન નરોત્તમદાસ બારોટ ૭૫૮ મતોની લીડથી ચૂંટાઈ આવ્યા છે. આ વખતની ચૂંટણીમાં સરપંચ પદ સામાન્ય સ્ત્રી ઉમેદવારને ફાળે જતાં ત્રણ



પાટીદાર, એક ઠાકોર અને એક બારોટ સમાજની મહિલા ઉમેદવારોએ ચૂંટણીમાં ઝંપલાવ્યુ હતુ. જેથી આ ચૂંટણી ભારે રસાકસીભરી અને પ્રતિષ્ઠાનો જંગ બની હતી. આમ પાંચ ઉમેદવારો પૈકી સૌ પ્રથમવાર ઉનાવાના સરપંચ તરીકે બ્રહ્મભટ્ટ સમાજના અગ્રણી, દાતા પરિવારના મોભી એવા આનંદીબેન એન. બારોટ વિજયી થયા હતા. વિજયી ઉમેદવારનું ગામમાં ભવ્ય વિજય સરઘસ નિકળ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

# અરવલ્લીમાં નોટબંધી મુદ્દે કોંગ્રેસનો ઉગ્ર વિરોધ

અરવલ્લી, તા. ૩

કોંગ્રેસ સમિતિ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સરકારે રાતોરાત દેશ પર નોટબંધીનો જે નિર્ણય લાદવામાં આવ્યો તેના લીધે સામાન્ય માણસોએ હાડમારી સહન કરવી પડી છે. આ દુનિયામાં એવો કોઈ દેશ નથી કે જ્યાં લોકોએ તેમના નાણા ઉપાડવા માટે બેંકોની લાઈનમાં ઉભા રહેવુ પડે અને નાણાં હોવા છતાં જરૂરીયાત મુજબ નાણા ન મળે. દેશની પ્રજાને નોટબંધીની રાત્રીથી લઈ અત્યાર સુધી ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સોમવારે મોડાસા સર્કીટ હાઉસમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના વરિષ્ઠ અને ગુજરાત પ્રદેશના આગેવાનોની ઉપસ્થિતિમાં બેઠક યોજી પત્રકાર પરિષદ સંબોધીને નોટબંધી મામલે આગામી દિવસોમાં ઉગ્ર દેખાવો કરી પ્રજાજનોનું સમર્થન દ્વારા વિરોધ પ્રદર્શીત કરવામાં આવશે.




મોડાસા શહેરના સર્કીટ હાઉસમાં સોમવારે સાંજના સુમારે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઝોનલ નિરિક્ષક કંવર કરણસીંહ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા કિશોરસીંહ સોલંકી, જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી, જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કમલેન્દ્રસીંહ પુવાર, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર, ગુજરાત કોંગ્રેસ પ્રદેશના જયદત્તસીંહ પુવાર, અરૂણભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં જિલ્લા કોંગ્રેસ સમિતિના અગ્રણીઓ ઉપસ્થિત રહી પત્રકાર પરિષદ સંબોધી નોટબંધીથી પ્રજાજનોને પડી રહેલી ભારે હાલાકી સત્વરે ઉકેલ લાવવામાં આવેની માંગ સાથે કાર્યક્રમોની ઘોષણા કરી હતી. જેમાં તા. ૫ મીના રોજ ઉગ્ર દેખાવો અને ધરણા તેમજ જિલ્લા કલેક્ટર કચેરીને ઘેરાવનો કાર્યક્રમ આપશે અને તે દ્વારા નોટબંધીના મામલે લોકોને પડી રહેલી મુશ્કેલીથી ઉભી થયેલી પરિસ્થિતિનો વિરોધ કરાશે. આગામી ૮મીના રોજ મહિલા કોંગ્રેસની આગેવાની હેઠળ થાળી-વેલણ વગાડી નોટબંધીની નિષ્ફળતા ઉજાગર કરાશે તેમજ આગામી સમયમાં દેશની પ્રજાને પડતી તમામ મુશ્કેલીઓને વાચા આપવા સરકાર વિરૂદ્ધ જલદ કાર્યક્રમો આપવામાં આવશે.

## અરવલ્લીમાં ભાજપ સમર્પિત સરપંચો-સભ્યોનો અભિવાદન સમારોહ

અરવલલી જિલ્લામાં પણ ત્રણ વિધાનસભા ક્ષેત્રોમાં એક વિધાનસભા દીઠ કાર્યક્રમ ત્રણ વિધાનસભા ક્ષેત્રોમાં તા.૬થી ૮ સળંગ ત્રણ દિવસના અભિવાદન સમારોહ જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીની નક્કી થતા ભાજપ મહામંત્રી શામળભાઈ પટેલે મુજબ મોડાસા વિધાનસભા ક્ષેત્રના બે તાલુકા મોડાસા અને ધનસુરા માટે તા.૬ઠ્ઠીને શુક્રવારે સવારે ૯ કલાકે સાબલપુર કિસાન કોલ્ડ સ્ટોરેજ ખાતે, ભિલોડા અને મેઘરજ તાલુકાઓ માટે શામળાજીમાં ૭મી એ શનિવારે સવારે ૯ કલાકે ગાયત્રી મંદિર નજીક પંચાલ સમાજ ધર્મશાળામાં અને બાયડ, માલપુર તાલુકાઓ સરપંચો-સભ્યોના અભિવાદન માટે ૮મીને રવિવારે સવારે ૯.૩૦ કલાકે બાયડના વારેણાં આશ્રમ શાળા ખાતે કાર્યકમો યોજાશે.

## મહેસાણા જિલ્લામાં ૮મી જાન્યુઆરીએ જવાહર નવોદયની પરીક્ષા યોજાશે

મહેસાણા, તા.૩

મહેસાણા જિલ્લામાં ૮ જાન્યુઆરીના રોજ સવારે ૧૧-૩૦ કલાકથી ૧-૩૦ કલાક સુધી જિલ્લાના તમામ તાલુકાઓના ૨૧ કેન્દ્રો પર જવાહર નવોદય વિદ્યાલયની પરીક્ષા યોજાનાર છે. જિલ્લાની સરકાર માન્ય પ્રાથમિક શાળાઓમાં ધોરણ પાંચમાં અભ્યાસ કરતા ૭૦૩૫ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપનાર છે. આ પરીક્ષા મહેસાણા તાલુકામાં વી.આર. કર્વે વિદ્યાલય, અર્બન ગર્લ્સ હાઈસ્કુલ, પરા માધ્યમિક શાળા, અર્બન બેન્ક વિદ્યાલય મોઢેરા ચોકડી, બેચરાજીમાં એચ.એસ.ગાર્ડી હાઈસ્કુલ, કડીમાં સર્વ વિદ્યાલય, ઉંઝામાં કે.એલ.પટેલ કન્યા વિદ્યાલય અને જી.મ કન્યા વિદ્યાલય, વિસનગરમાં જી.ડી. હાઈસ્કુલ, આદર્શ વિદ્યાલય અને ડીડી કન્યા વિધાલયનાં ચકુબાઈ પ્રાથમિક શાળા, વિજાપુરમાં આસ સેકેન્ડરી સ્કુલ અને સરદાર પબ્લીક સ્કુલ, સતલાસણામાં કે. એમ. કોઠારી, ખેરાલુમાં મ્યુનિસિપલ હાઈસ્કુલ, વડનગરમાં શ્રીનવીન વિદ્યાલય અને બી.એન. હાઈસ્કુલ, જોટાણામાં શ્રી રામ સર્વ વિદ્યાલય ખાતે પરીક્ષા યોજાનાર છે. પરીક્ષાર્થીઓને કારણોસર પ્રવેશપત્ર ન મળેલ હોય તો શાળાના આચાર્યના પત્ર સાથે જવાહર નવોદય વિદ્યાલયમાં ૬ જાન્યુઆરીના રોજ ૯-૩૦ થી ૧-૩૦ સુધી રૂબરૂ મળવાનું રહેશે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# પ્રાંતિજમાં કોંગ્રેસ દ્વારા નવા ચૂંટાયેલા સરપંચોનો સત્કાર સમારંભ યોજાયો

પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગોપાલસિંહ રાઠોડ અને ચૂંટાયેલા સરપંચોને સત્કારવાનો એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રાંતિજ તાલુકામાં યોજાયેલી કુલ ૨૭



પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની ઉપસ્થિતિમાં પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા નવા પંચાયતોના સરપંચોની ચૂંટણીમાંથી કુલ ૨૫ સરપંચો આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા અને વોર્ડમાંથી ચૂંટાયેલા સભ્યો પણ ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. જેમાં સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને પ્રાંતિજના ધારાસભ્યએ ખેસ પહેરાવી અને ફૂલહારથી તેમનું સ્વાગત કર્યુ હતું. આ કાર્યક્રમમાં પ્રાંતિજ તાલુકા પંચાયતના પ્રમુખ દક્ષાબેન રાઠોડ, ઉપ પ્રમુખ વિષ્ણુભાઈ, પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન મણીભાઈ પટેલ, જિલ્લા સદસ્ય મીલ્કતસિંહ, રામસિંહ તાલુકા કારોબારી અધ્યક્ષ બહેચરસિંહ રાઠોડ, પ્રદેશ મહિલા મોરચો રેખાબેન, ઓબીસી સેલના કાળુસિંહ તાલુકા પંચાયતના સદસ્યો, સુધીર પેટલ, નગરપાલિકા વિરોધ પક્ષના નેતા શફીભાઈ ચામડાવાળા અને તાલુકાના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ તબક્કે મીટીંગમાં હાજર પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના પિતાનું સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગોપાલસિંહ રાઠોડે શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.



## પ્રાંતિજમાં ગાય ખાડામાં પડી

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ અંબિકા સિનીમા રોડ ઉપર ટેલીફોન વિભાગ દ્વારા ખોદવામાં આવેલ ખાડામાં ગાય પડતાં જીવદયા પ્રેમી દ્વારા પાલિકામાં જાણ કરાતાં ફાયર ટીમ દ્વારા જેસીબીની મદતથી એક કલાકની જહેમત બાદ ગાયને ખાડામાંથી બહાર કાઢવામાં આવી હતી. પ્રાંતિજ સિનીમા રોડ ઉપર ટેલીફોન ખાતાં દ્વારા ખોદવામાં આવેલ ખાડામાં રાત્રીનાં સમયે ગાય ખાડામાં પડી જતાં આજુ બાજુમાં રહેતાં લોકોને સવારે ખબર પડતાં તેવો ખાડા પાસે દોડી આવ્યા હતાં અને જીવદયા પ્રેમી દ્વારા પ્રાંતિજ નગરપાલિકામાં જાણ કરતાં નગરપાલિકા કોર્પોરેટર નયનભાઈ દેસાઈ સહિત ફાયર ટીમના જવાનો મુકેશભાઈ, ગોપાલભાઈ સહિત ટીમ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને જેસીબીની મદતથી ખાડામાં પડેલ ગાયને એક કલાકની જહેમત બાદ બહાર કાઢવામાં આવી હતી. ત્યારે હાલ પ્રાંતિજમાં રોડ રસ્તાઓનું કામ ચાલું હોવાથી ઠેર ઠેર ખાડાઓ અને ગટરો ખુલ્લી જોવાં મળી રહી છે ત્યારે કોન્ટ્રાકટરોની બેકાળજી પણ જણાઈ આવે છે અને આવી ઘટના પરિવર્તન થાય તો નવાઈ નહી.

## વિચરતી વિમુક્તી જાતિના હોદ્દેદારોની બેઠક મળી

તલોદ, તા. ૩

અમદાવાદ એનેક્ષી ખાતે સોમવારના રોજ વિચરતી વિમુક્તી જાતિની એક બેઠક મળી હતી. જેમાં દેશના આગેવાનો આવ્યા હતા. વિચરતી વિમુક્તીની ૪૦ જેટલી જાતિઓ છે જેની ૧ કરોડથી વધારે વસ્તી છે. આ જાતિઓ માટે આરક્ષણ સહિતના અનેક વણ ઉકલ્યા પ્રશ્નો વર્ષોથી અકબંધ પડ્યા છે જે અંગે કોઈપણ પક્ષની સરકાર રસ લેતી નથી જેથી બિન રાજકીય હેતુથી અમદાવાદમાં વિશાળ જન આંદોલન શરૂ કરવાનું આ બેઠકમાં નિર્ણય લેવાયો હતો.

વિચરતી વિમુક્તી જાતિના એનેક્ષીમાં યોજાયેલી બેઠકમાં સંગઠ્ઠનના હોદ્દેદારો નારાજી વણઝારા, ગોરધનભાઈ પ્રોફેસર, દશરથભાઈ વણઝારા, દિલરાજ વણઝારા, જશવંતભાઈ યોગી તથા અન્ય જિલ્લા અને તાલુકા કક્ષાના અગ્રણીઓ હાજર રહ્યા હતા. બેઠકમાં નારાજી વણઝારાએ વિચરતી-વિમુક્તી જાતિઓ સાથે થઈ રહેલા અન્યાયનો મુદ્દો ઉઠાવી જણાવ્યુ હતુ કે અગાઉની યુપીએ સરકારમાં બે થી ત્રણ વાર મિટીંગ કરી પરંતુ કોઈ જ પ્રશ્નો હલ થયા નથી અને હાલ ભાજપ સરકારમાં પણ પ્રશ્નોનું નિરાકરણ આવતુ નથી. વિચરતી-વિમુક્તી જાતિના લોકો મજુરી કરી ગુજરાન ચલાવે છે. રહેવા ઘર નથી કે ભણેલાઓને સરકારી નોકરી નથી અને આરક્ષણમાં પણ અન્યાય થઈ રહ્યો છે.

ચૂંટણી સમયે નેતાઓ વાયદાઓ કરી મત લઈ જાય છે પરંતુ પ્રશ્નો અંગે વિચારતા પણ નથી. ભારતીય સંવિધાનમાં બધાજ નાગરીકોને સન્માનથી જીવવાનો અધિકાર છે જેમાં વિચરતી વિમુક્તી જાતિના લોકો માટે સરકાર યોગ્ય ન્યાય આપે તેવો બેઠકમાં ભાર મુકાયો હતો. મહારાષ્ટ્રમાંથી ગુજરાત અલગ થયુ ત્યારે ૪ ટકા આરક્ષણની માંગણી કરવા નક્કી કરાયું હતું. વિચરતી વિમુક્તીની ૪૦ જેટલી જાતિઓ હવે એક થઈ આપણા પ્રશ્નોના નિરાકરણ માટે બાલાકૃષ્ણ રેન્કેના અધ્યક્ષસ્થાને જાન્યુઆરી માસની ૨૮, ૨૯ તારીખે ગાંધીનગરમાં નેશનલ કક્ષાએ બેઠક યોજાશે જેમાં દેશભરમાંથી લોકો ઉમટી પડશે અને આ બેઠક બિલકુલ બિન રાજકીય હેતુની જ હશે તેવુ આજની સભામાં નિર્ણય લેવાયો હતો. વિચરતી વિમુક્તીની જાતિઓનો સર્વે કરી ફાઈલ હાલ સરકાર સમક્ષ મુકેલ છે. જેનો નિર્ણય ત્વરીત લેવાય તેવી માંગ કરવામાં આવી છે. ત્યારે માંગણીઓ સ્વીકારાશે નહી તો જલદ આંદોલનના પગલે ગંભીરતાથી વિચારાશે તેવુ પણ ચર્ચાયું છે.

## ધાનેરા જલારામ મંદિર પાસે મગફળી ભરેલી ટ્રકમાં આગ : ચાલુ વીજ વાયરને અડી જતા ટ્રકમાં આગ

### લોકોની અને ફાયરની મદદથી આગ પાર તાત્કાલિક કાબુ મેળવી લેતા જાનહાની અને ભારે નુકશાન થતું અટક્યું

ધાનેરા, તા.૩

ધાનેરામાં મગફળી ભરેલી ટ્રક ચાલુ વીજ વાયરને અડી જતા ટ્રકમાં આગ ભભૂકી ઉઠી હતી. લોકોની મહેનત અને નગરપાલિકાના ફાયર ફાયટર ધ્વારા તાત્કાલિક આગ પાર કાબુ મેળવી લેતા જાનહાની અને મોટું નુકશાન અટક્યું હતું.



જી.જે ૮ યુ ૧૫૭૪ નંબર ની ટ્રક મગફળી ભરીને જઈ રહી તે સમયે ધાનેરા જલારામ મંદિર પાસે આ ટ્રક ચાલુ વીજ વાયરને અડી જતા વીજ થાંભલો પણ તૂટી જવા પામ્યો હતો અને ટ્રકમાં પણ આગ લાગી હતી ત્યારે આજુ બાજુ ઉભેલા લોકો દ્વારા ધાનેરા નગરપાલિકાના ફાયર ફાયટરને જાણ કરતા ફાયર અધિકારી રામભાઈ સોલંકી પોતાની ટીમ સાથે તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને લોકો તેમજ ફાયર ફાયટરની મદદથી તાત્કાલિક આગ પાર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. લોકોની અને ફાયરની મદદથી આગ પર તાત્કાલિક કાબુ મેળવી લેતા જાનહાની અને ભારે નુકશાન થતું અટક્યું હતુ જાહેર રસ્તા પર ટ્રકમાં આગ લગતા ટ્રાફિક જામ સર્જાયુંહતું. ધાનેરા પોલીસ દ્વારા તાત્કાલિક ટ્રાફિક દૂર કરી વાહન વ્યવહાર ચાલુ કરાયો હતો.